Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-2, September-2024

# 'જીવડુ' : વાર્તામાં પ્રતીકનો વિનિયોગ

**સુરેશકુમાર એમ. તુરી**

શોધ છાત્ર : શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.,

email : suryabarot8@gmail.com., મો : ૯૬૬૨૩૪૧૯૮૩.

રાજેશ વણકરે ટૂંકી વાર્તા, નવલકથા, કવિતા અને સંશોધનક્ષેત્રે અમૂલ્ય ફાળો આપ્યો છે. તેમની પાસેથી 'માળો'(૨૦૦૯) નામનો વાર્તા સંગ્રહ મળે છે. 'માળો' વાર્તા સંગ્રહમાં 'માળો', 'જીવડુ', 'પાંગથ', 'ધડાકા', 'રોઝડો' જેવી પ્રતીકાત્મક વાર્તાઓ મળે છે. અહીં તેમની પસંદ કરેલી, સ્વપ્નદોષની પ્રક્રિયાનું નિરૂપણ કરતી વાર્તા 'જીવડુ'ને પ્રતીકાત્મક રીતે તપાસવાનો મારો ઉપક્રમ છે.

'જીવડુ' : વાર્તાની શરૂઆત 'આવું ક્યારેક થાય. તમને થયું હશે. વાક્યથી થાય છે. વાર્તા નાયક જ્યારે આંખ ખોલે છે ત્યારે એમને ઊંધું થઈ ગયું હતું. તેમને આખી અલગ જ અનુભૂતિ થાય છે. શારીરિક માનસિક પરિવર્તનની પ્રક્રિયા દ્વારા વાર્તા આગળ વધે છે. નાયકની જાગ્રત અવસ્થા અને અર્ધજાગ્રત અવસ્થાની સ્થિતિએ એટલે કે તંદ્રાવસ્થામાં વાર્તા ચાલે છે. હસવા જાય છે ત્યારે દૂંટી પાસે જરાક નવું લાગે છે. અનુમાન કરે છે તો અળસિયા જેવું ન હતું. કે નોતું મંકોડા જેવું. પણ એનો સળવળાટ અનુભૂતિ રૂપે વિસ્તરી રહ્યો હતો જેમાં મજા આવતી હતી. આ અનુભૂતિ નાયકને ત્યારે થાય છે કે જ્યારે નાયક ચાર વાગ્યા પછી ખેતરમાં પાણી મૂકાઈ જતાં મશીન બંધ કરીને શેઢે સૂઈ ગયેલો. ને જાગ્યો ત્યારે આ હાલ હતો. માથું ઉગમણી દિશામાં ઝૂકાવ્યું ત્યારે જીવડું ધીમું પડ્યું. જીવડુ શાંત હતું. આ જીવડુ નાયકને ગમતું હતું. થોડીક જ વારમાં જીવડુ ચાલવા લાગે છે. આ વખતે તેની ગતિ વધી હતી. પાછું નાભિ સુધી પહોંચીને અટકે છે. પરંતુ આ સમગ્ર ઘટના પાછળ છે, નાયકના ચિત્તમાં, કમરમાં ઊંચા ખોસેલા ચણિયાવાળી છોકરી. જેના કારણે જીવડુ નિર્માણ પામ્યું છે. ને ફરી જીવડુ ઉત્તરાભિમુખ ગતિ પકડે છે. ને નાભિની આરપાર સીધી ગતિથી આખરી

નિર્ણયને અંજામ આપે છે. ને ત્યાં જ અવાજ આવે છે જે 'સેઢા પર આરોટ્યા વગર ઊઠીને ખાઈ લો'ના અવાજે નાયકને ઊભો કરી દીધો.

વાર્તામાં પ્રતીકનો વિનિયોગ જોઈએ તો.., 'જીવડુ' વાર્તા પ્રતીકાત્મક સ્તરે વિસ્તરી છે. જેમાં 'જીવડુ' સંપૂર્ણ વાર્તામાં કેન્દ્ર સ્થાને છે; એટલે કે નાભિની આરપાર થતી આનંદકારક સ્વપ્નદોષની પ્રક્રિયા જીવડાનાં પ્રતિરૂપે નિરૂપાઈ છે. નાયકને સ્વપ્નદોષની પ્રક્રિયાનું વિસ્મય થાય છે, તેનું પ્રતીકાત્મક વર્ણન : "મારી હાળું આજે હામટું પરિવર્તન થયું કે શું ? સાવ નોખું?." (પૃ-૪૧). પછી તો નાયકને સ્વપ્નદોષ પ્રક્રિયામાં નાયકના ભીતરમાં ચાલતી ગડમથલ અથવા એમ કહીએ કે શારીરિક-માનસિક ઊથલપાથલ થાય છે(તેનું પ્રતીકાત્મક વર્ણન) : "પણ આ શું ?. હસવા જતા દૂંટી પાસે જરા નવું નવું લાગ્યું. કંઈક ખેંચાયું. ઓપરેશનનો સાંધો અનુભવાય એવું કાંઈક અનુભવ્યું.... (પૃ-૪૧). ને સ્વપ્નદોષની પ્રક્રિયા હવે સક્રિય બની હતી. (એટલે કે જીવડુ હવે સક્રિય બન્યું હતું.) તેણે વેગ પકડ્યો હતો. સુષુપ્તપણે મનને ગમતી આ ક્રિયાને નાયક તાબે થતો જાય છે(તેનું પ્રતીકાત્મક વર્ણન) : "ને જીવડું હાલ્યું. તેના તરંગે.... તરંગે.... રોમરોમને ખુશખબર આપવા. એના હજારો પગ એક સાથે જ સક્રિય બન્યા." (પૃ-૪૨).

માનવીના મનોચિત્તમાં પડેલા વિજાતીય આકર્ષણની અસર શરીર પર પડતી હોય છે. એવી જ રીતે અહીં નાયકના મનોચિત્ત પર કંઈ અસર પડી છે ? કે જેના કારણે સ્વપ્નદોષની પ્રક્રિયાને નાયક તાબે થયો છે. તો નાયકના મનોચિત્તમાં પડેલા પેલી છોકરીનાં આકર્ષણનો પ્રતીકાત્મક સંકેત/વર્ણન : "હજારો પગ સળવળ્યા, જીવડાની પીઠ પરથી પસાર થયું મારું શરીર, જાણે મને ફંગોળીને એ ચાલ્યું દૂર, વનરાજીમાંથી વહી જતું નાનકડું કોતર, પોતાની ચારેકોર રોજ નવા રંગો ઉમેરતું જતું હતું; ને ઉઠીશ ત્યારે સંધ્યાના રંગોમાંથી તસતસતા કાપડે ને સહેજ ઊંચા થયેલા કમરમાં ખોસેલા ચણિયાવાળી કોઈ છોકરી વહેતી હશે. ગાતીય હશે સીમ ભરીને.

કાળી કાળી
કોયલડી ટહૂકે સે.....
કે,

પેલા વગડે ટહૂકે
સે મોર, ક્યારે આવશે...

ને આંખ મળી ગયેલી. ઉઠ્યો ત્યારે આ હાલ !." (પૃ-૪૨).

અંતે સ્વપ્નદોષની ઘટનાનું કારણ; પેલી છોકરી છે જેના કારણે સ્વપ્નદોષની પ્રક્રિયા સ્ખલન તરફની ગતિ પકડે છે ને છોકરીનાં આકર્ષણથી વાર્તાનાયક સ્વપ્નદોષમાં વીર્ય સ્ખલનની પ્રક્રિયાને અંતિમ અંજામ આપે છે, તેનું પ્રતીકાત્મક આલેખન : "નાભિનીચ આરપાર, સીધી ગતિમાં, હજારો પગ, ચોમેર સળવળ ને હું હું નથી, વિલીન... સાવ... ઓગળતો હું. " (પૃ-૪૪).

આમ, વાર્તામાં સર્જકે પ્રતીકનો વિનિયોગ કરીને...,સર્જક ક્યાંય મુખર થયા નથી. સ્વપ્નદોષની પ્રક્રિયામાં જીવડાની ગતિને લઈને નાયકની ભીતરમાં ચાલતી ગડમથલ કહો કે શારીરિક-માનસિક ઊથલપાથલ ને વાર્તાન્તે થતી સ્ખલનની ક્ષણો, સ્ખલન થવાનું કારણ; પેલી છોકરી – આ બધું જીવડુના પ્રતિરૂપે પ્રતીકાત્મક રીતે નિરૂપાયું છે. ને 'જીવડુ' સ્વપ્નદોષ પ્રક્રિયાનું સફળ અને સબળ પ્રતીક બનીને નીખરે છે. ને 'જીવડું' એક સુંદર અને સફળ પ્રતીકાત્મક વાર્તા બની રહે છે.

'જીવડું' વાર્તા વિશે ડૉ. સતીષ પ્રિયદર્શી લખે છે કે : "આમ, નાભિની આરપાર થતી આહ્લાદક સ્વપ્નદોષની પ્રક્રિયા પ્રતીકાત્મક રીતે નિરૂપાઈ છે. મનુષ્યચિત્તને આવી અવસ્થામાં થતા આનંદનાં લખલખાંનો સાર્વત્રિક અનુભવ આ વાર્તામાં પ્રતીકાત્મક રીતે રજૂઆત પામ્યો છે. ચેતાતંત્રમાં ઉદ્ભવતી વિવિધ સ્થિતિઓ અને શરીર પર થતી એની અસરો સ્વાભાવિક રીતે વણાટ પામી છે. તંદ્રાવસ્થામાં થતો મન અને શરીરનો સંવાદ વાર્તાને સુંદરતા આપે છે." ('માળો'-વાર્તાસંગ્રહ -પૃ-૧૧૫).

**પાદટીપ :-**

'માળો' - રાજેશ વણકર., પ્રકાશક : સર્જક પોતે., બીજી આવૃત્તિ : ૨૦૨૧., મૂલ્ય : ₹૨૧૦.